12414


**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer


૬ ફેબ્રુઆરી, ૨૦૧૯

**શ્રી એચ. જી. કોશિયા**
કમિશ્નરશ્રી
ફુડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ એડમીનીસ્ટ્રેશન
ગુજરાત રાજ્ય
ગાંધીનગર.

**વિષય : પ્રેસ અને મીડીયા દ્વારા નમૂના લેવાયેલા ફુડ એકમોના નામ જાહેર કરવા અંગે.**

**માનનીય સાહેબશ્રી,**

**ગુજરાત વેપારી મહામંડળ તરફથી આપને અભિવાદન !**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ગુજરાતના વેપારીઓની અગ્રગણ્ય સંસ્થા છે જેણે હંમેશા ગુજરાતના વેપાર-ઉદ્યોગના પ્રશ્નો માટે સરકારની સાથે રહીને વિકાસ સાધ્યો છે.

ગુજરાતના ઉદ્યોગોમાં ફુડ અને ડેરી સેક્ટર ખુબ અગત્યની ભૂમિકા ભજવે છે. સરકાર તરફથી આ સેક્ટરના વિકાસ માટે લેવાયેલા વિવિધ કાયદા અને નીતિ વિષયક નિર્ણયોને અમારા સેક્ટરના સભ્યો તરફથી હંમેશા આવકારવામાં આવ્યા છે. જાહેર જનતાના આરોગ્યને ધ્યાનમાં રાખીને ખાણી-પીણીના કામોમાં સ્વચ્છતા અને આરોગ્યપ્રદતા જળવાઇ રહે તે માટેના આશયથી સરકારશ્રી તરફથી શરુ કરવામાં આવેલી પહેલને ગુજરાત વેપારી મહામંડળ સહર્ષ સ્વીકારે છે.

ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખી તથા FSSAI ના ધારા-ધોરણ મુજબ ફુડ એકમોની ગુણવત્તા એક ધારી જળવાઇ રહે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ એકમોના સમયાંતરે ખાદ્યખોરાકના નમૂનાની ગુણવત્તાની ચકાસણી જરૂરી છે. જેના માટે સરકારશ્રીને વેપારીઓ તરફથી પૂરતો સહકાર આપવામાં આવે છે. પરંતુ પ્રેસ અને મીડીયામાં આ રેગ્યુલર ચકાસણીને ખોટી રીતે જાહેર કરવામાં આવે છે. દા.ત. જે તે ખાણીપીણીના એકમમાં હેલ્થ વિભાગના દરોડા જેવા સમાચાર વર્તમાનપત્ર અને સોશિયલ મીડીયામાં ફેલાવવામાં આવે છે જેનાથી શહેરીજનોને ફુડ એકમ માટે ખોટી માન્યતા ઉભી થાય છે અને ધંધામાં ઘરાકી ઓછી થઇ જતાં નુકશાનીનો સામનો કરવો પડે છે. વધુમાં વર્ષોથી ઉભી કરેલી ધંધાની બ્રાન્ડનેમ ને પણ નુકશાન થાય છે.

અમારી એક વિશેષ રજૂઆત એ પણ છે કે તહેવારોના આજુબાજુના સમય દરમ્યાન હેલ્થ ખાતા તરફથી પ્રેસ અને મીડીયાને સાથે રાખીને ચકાસણી માટેના નમુના લેવામાં આવે છે જેને તેમની ચેનલ ઉપર "બ્રેકિંગ ન્યુઝ" તરીકે રજુ કરાતા તહેવારોના સમયે ધંધામાં નુકશાન થાય છે.

**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

અત્રે અમારી વિનંતી છે કે જે ફુડ એકમોના નમૂના નિમ્ન ગુણવત્તા ધરાવતા હોય તેવા જ એકમોના નામ પ્રેસ અને મીડીયામાં દર્શાવવા જોઇએ જેથી કરીને એની આડ અસર બીજા એકમોને લાગુ ના પડે અને લોકોને અયોગ્ય ફુડ સપ્લાય કરતા એકમો અંગેની માહિતી મળી રહે તથા જ્યારે ચકાસણી માટે નમૂના લેવામાં આવે ત્યારે પ્રેસ અને મીડીયાના સભ્યો ફુડ એકમ ઉપર ઉપસ્થિત ના રહે તેવી અમારી વિનંતી છે.

ઉપરોક્ત રજૂઆતની નોંધ લઇ તેના પર યોગ્ય કાર્યવાહી કરવા અમારી નમ્ર વિનંતી છે. આપનો હકારાત્મક અભિગમ ફુડ એકમોને એમની ગુણવત્તા જાળવવા માટે ખુબ લાભદાયક રહેશે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**દુર્ગેશ બુચ**
*પ્રમુખ*

Shri Ambica Mills - Gujarat Chamber Building,
Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org